।। શ્રી હાટકેશ પ્રસન્નોસ્તુ ।।

સુજ્ઞ જ્ઞાતિબંધુઓ,
સાઠોદરા નાગર જ્ઞાતિનું વસ્તીપત્રક છેલ્લે ૭૧ વર્ષ પહેલાં, ૧૯૫૩માં તૈયાર થયું હતું, તેના જ આધારે અત્યારના ફેરફારો સહિતનું નડિયાદના સાઠોદરા નાગર કુટુંબોના સભ્યોની માહિતીવાળું એક માહિતી પત્રક તૈયાર થઇ રહ્યું છે. તેથી આપના કુટુંબની માહિતી આ ફોર્મમાં ભરીને તા.૩૧/૦૩/૨૦૨૫ સુધીમાં જમા કરાવી જવા વિનંતી છે.

નોંધ :

1) ૧૯૫૩ના વસ્તીપત્રકમાં જે કુટુંબ નંબર આપ્યો હોય તે જ નંબર અહીં નિયત ખાનામાં લખવાનો છે. આ જોવા માટે ૧૯૫૩ના વસ્તીપત્રકની કોપી વેબસાઈટ ઉપર અપલોડ કરેલ છે.
2) ૧૯૫૩ના વસ્તીપત્રકમાં જેનું નામ/કુટુંબ નંબર ઉપલબ્ધ ના હોય તેમણે કુટુંબ નંબરના ખાનામાં ન્યૂ (New) લખવું, પરંતુ તેવા કિસ્સામાં કુટુંબના દરેક સભ્યોના જન્મના દાખલા અને આધારકાર્ડની નકલ રજૂ કરવાની રહેશે. એ આધારો વગરના ફોર્મને માન્ય ગણવામાં આવશે નહીં.
3) ૧૯૫૩ના વસ્તીપત્રકમાં જે કુટુંબ નંબર હોય એ કુટુંબમાંથી વિભક્ત થયેલાં દરેક પરિવારે પોતાનો મૂળ (૧૯૫૩નો) નંબર જ લખવો. એક જ મૂળ કુટુંબમાંથી અનેક નવા પરિવારોમાં એક જ કુટુંબનંબર લખી શકાશે.
4) આ ફોર્મ માત્ર નાગર કુટુંબના પરિવારોએ જ ભરવાનું રહેશે.
5) જે ફોર્મમાં કુટુંબ નંબરનું ખાનું ખાલી હશે તો એ ફોર્મ રદ ગણાશે.
6) પરણાવેલ દિકરીઓના નામ લખવાના નથી, પરંતુ તેની વિગત ફોર્મની પાછળ અલગ લખવાની રહેશે, જેમાં જમાઈ-વેવાઈ પક્ષની અટક, જ્ઞાતિ, વતન અને ગોત્રની વિગતો અને અન્ય જરૂરી વિગતો સ્પષ્ટ લખવાની રહેશે.
7) હયાત વ્યક્તિઓના જ નામ લખવાના છે.
8) દરેક વિગત સુવાચ્ય અક્ષરે જ ભરવી. અક્ષરોને કારણે વિગતોમાં દોષ રહેશે તો જવાબદારી ફોર્મ ભરનારની રહેશે.
9) તા. ૩૧/૦૩/૨૦૨૫ પછી કોઇ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.
10) આ ફોર્મ ભર્યા પછી તેને મોકલવા માટે વોટ્સઅપ નંબર ૯૮૨૪૬ ૬૨૫૨૩ ઉપર ફોટો પાડીને મોકલી આપવું.
11) જે જ્ઞાતિબંધુઓને ફોર્મ હાર્ડકોપીમાં જ ભરીને મોકલવું હોય તેમણે આ ફોર્મની પ્રિન્ટ વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરવી/મેળવી લેવી, અને તેમાં વિગતો ભરીને ફોર્મ બંધ કવરમાં કૃતિન યજ્ઞેશભાઇ મહેતા- ૧૩/૧૪, શિવાશ્રય કોમ્પ્લેક્ષ, પીજ ભાગોળ, નડિયાદ ખાતે સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬ દરમ્યાન, રજાના દિવસો સિવાય મોકલી આપવાનું રહેશે.
12) આ ફોર્મમાં ભરેલ વિગતોની ચકાસણી કરીને યોગ્ય તે જ્ઞાતિ માહિતીપત્રક આખરી કરવામાં આવશે, જેનો નિર્ણય વ્યવસ્થાપકોનો રહેશે.

લિ.
વહીવટી કમિટી તરફથી
કશ્યપભાઇ મહેતાના જય હાટકેશ.